સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-૪ ગુજરાતી સપ્ટેમ્બર, ૨૦૨૦

સમયઃ ૧ કલાક કુલ ગુણઃ ૨૫

**(અ.નિ: અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)**

**અ.નિ. આપેલા શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવીને લખે છે.**

**પ્રશ્ન-૧ નીચે આપેલ શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.** (૫)

ઉદા. દયાળુ, પ્રાણી - દમાસ્કસના અલીહુસેન પ્રાણીઓ માટે ખૂબ દયાળુ!

(૧) વરસાદ, નદી

(૨) પૈસા, દૂધ

(3) આશ્ચર્ય, પ્રશ્ન

(૪) હજ, પુણ્ય

(૫) શાંતિ, પરીક્ષા

**અ.નિ. સમાનાર્થી શબ્દો શોધે છે.**

**પ્રશ્ન-૨ નીચે આપેલ વાક્યમાંથી લીટી દોરેલ શબ્દના સ્થાને તેવો જ અર્થ ધરાવતો બીજો શબ્દ લખી વાક્ય ફરીથી લખો.** (૫)

ઉદા.

(૧) બગદાદ શહેરમાં શેખ અબ્દુલાનો પરિવાર રહેતો હતો.

(૨) શેખ અબ્દુલા ફરિશ્તાની વાત સાંભળી રહ્યા હતા.

(3) બીજી જ પળે એ તો પર્વત પર ચઢી ગયો.

(૪) હરિરામને પોતાની શાખની ખૂબ પરવા હતી.

(૫) શેઠને તો હરખનો પાર ન રહ્યો.

**અ.નિ. પરિચિત શબ્દોને ઓળખી શકે છે.**

**પ્રશ્ન-3 નીચે આપેલ લીટીમાં મૂળાક્ષર લખી અર્થપૂર્ણ શબ્દ બનાવો.** (૫)

(૧) ન............જ (૨) ડા...........યો (3) ઝ..........ળ........ળિ..........

(૪) પ......રું (૫) વ.......જા........

**અ.નિ. પ્રકીર્ણ લખાણ, છૂટાંછવાયાં જાહેરાત બોર્ડ વગેરે લખાણ વાંચીને સમજી શકે છે.**

**પ્રશ્ન-૪ ફકરો વાંચી આપેલ પ્રશ્નોના જવાબ આપો.** **(૫)**

બપોરે વરસાદનું એક ઝાપટું પડી ગયું. તે પછી સરસ તડકો નીકળ્યો હતો. દ્વિજ અને ઈવા તેમના ઘર આગળ રમતાં હતાં. ત્યાં ઘણાં બધાં પતંગિયાં હતાં. તેમાં મોટી, પીળી પાંખોવાળું પતંગિયું ઈવાને ખૂબ ગમી ગયું. દ્વિજ અને ઈવા તે પતંગિયાનો પીછો કરવા લાગ્યાં. તે પતંગિયું ઊડતું ઊડતું મીઠા લીમડા પર જઈને બેઠું. લીમડા પર તો પતંગિયાનો મેળો જામેલો. દ્વિજ અને ઈવા હળવેથી લીમડા પાસે ગયા. પેલા પીળા પતંગિયાની સાથે બીજાં કેટલાંક પતંગિયાં પણ ઊડી ગયાં. "અરેરેરે!" ઈવા ઉદાસ થઈ ગઈ.

**પ્રશ્નોઃ**

(૧) તડકો ક્યારે નીકળ્યો હતો?

(૨) ઈવાએ પતંગિયાં ક્યાં જોયાં?

(૩) ઈવાને ગમેલું પતંગિયું કેવું હતું?

(૪) ઈવા શા માટે ઉદાસ થઈ ગઈ?

(૫) 'પતંગિયાનો મેળો જામેલો' એટલે શું?

**અ.નિ. ક્રિયાનું ભવિષ્યકાળનું સ્વરૂપ ઓળખે છે અને એનો ઉપયોગ કરે છે.**

**પ્રશ્ન-૫ ઉદાહરણ પ્રમાણે વાક્ય બનાવીને લખો.** **(૫)**

ઉદા. મનુ મમરા ખાય છે. – મનુ મમરા ખાશે.

(૧) વૈભવી દાડમ ખરીદે છે.

(૨) નવીન કસોટી લખે છે.

(૩) ધરતી દૂધ પીવે છે.

(૪) ઈવા ક્યારે મેદાનમાં રમવા જાય છે?

(૫) બા વાર્તા કહે છે.